3221

ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી ગાંધીનગર અને
ડી.એન.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,ડીસાના સંસ્કૃત વિભાગના
ઉપક્રમે
રાષ્ટ્રીય પરિસંવાદન
રામાયણમાં ચરિત્ર ચિત્રણ વિષય
દિનાંક :- તા.૨૯-૨-૨૦૧૬
અહેવાલ

ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસાના સંસ્કૃત વિભાગના ઉપક્રમે રામાયણમાં ચરિત્ર ચિત્રણ વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન તા.૨૯-૨-૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાના આ પરિસંવાદમાં કોલેજ યુનિવર્સિટીના અધ્યાપકો, સારસ્વતો, સંસ્કૃત અનુરાગીઓ , વરિષ્ઠ નાગરિકાએ ભાગ લીધો હતો. પરિસંવાદનો ક્રમિક અહેવાલ નીચે મુજબ છે.

**ઉદ્‌ઘાટન સમારોહ :-**

કોલેજના ટ્રસ્ટીશ્રી પરાગભાઇ ટી. પટેલ, માલગઢ હાઇસ્કુલના પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ પઢિયાર, કોલેજ નિયામક શ્રી છગનભાઇ પટેલ, કોલેજના કા.આચાર્યા પ્રો.વંદનાબેન સિસોદિયાની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડીસાના પ્રબુધ્ધ નાગરિકો, સારસ્વતો, જુદી-જુદી કોલેજોમાંથી પધારેલા શોધાર્થી અધ્યાપકો, ડીસા કોલેજ સ્ટાફ પરિવાર તેમજ સંસ્કૃત અનુરાગીઓ હાજર રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના, દિપ પ્રાગટય, સ્વાગત-આવકાર, પરિચય બાદ પરિસંવાદ સંયોજક દ્વારા પરિસંવાદના આયોજનના ઉદ્દેશ અંગે જાણકારી આપવામાં આવી હતી.

**હાર્દરૂપ સારસ્વત વ્યાખ્યાન :-**

વક્તા :- ડૉ.રાજેન્દ્રભાઇ નાણાવટી.
વિષય :- રામાયણની ત્રિવિધ સંસ્કૃતિ

પ્રાચ્ય વિદ્યામંદિર મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના પૂર્વ નિયામક અને રાષ્ટ્રપતિ સમ્માનિત વિદ્વાન ડૉ.રાજેન્દ્ર નાણાવટીએ કાર્યક્રમનું હાર્દરૂપ વ્યાખ્યાન આપતાં રામાયણની ત્રિવિધ સંસ્કૃતિ વિશે વિગતે વાત કરી હતી.તેઓશ્રીએ રામાયણમાં અયોધ્યાનું રાજ્ય, કિષ્કિંધાનું રાજ્ય અને લંકાના રાજ્ય વિશે તેમજ તેની રાજનીતિ ઉપર પ્રકાશ પાડયો હતો.

**વિશિષ્ટ સારસ્વત વ્યાખ્યાન :-**

વક્તા :- ડૉ.કવિતા ભટ્ટ.
વિષય :- ચરિત્ર સંદર્ભે રામાયણની ઉપાદેયતા.

D.N.P. Arts & Com. College DEESA

હેમવતી નંદન બહુગુણા ગઢવાલ વિશ્વવિદ્યાલયના ફિલોસોફી વિભાગમાં કાર્યરત અને કવયિત્રિ ડૉ. કવિતા ભટ્ટે પરિસંવાદમાં ઉપસ્થિત રહી પોતાની આગવી શૈલીમાં રામાયણની ઉપાદેયતા સમજાવી હતી. તેમણે રામાયણની ચરિત્ર સૃષ્ટીમાંથી પ્રેરણા લઇ આજની પેઢીને જીવન નિર્વાહ કરવા હાકલ કરી હતી.

**વિશિષ્ટ સારસ્વત વ્યાખ્યાન :-**

વક્તા :- ડૉ.મણિભાઇ પ્રજાપતિ.

વિષય :- રામાયણ ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભ.

શંકરાચાર્ય ઇન્ડોલોજીકલ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ દ્વારકાના પૂર્વ નિયામક અને રાષ્ટ્રપતિ સમ્માનિત સાક્ષર ડૉ.મણિભાઇ પ્રજાપતિએ પોતાના સારસ્વત વ્યાખ્યાનમાં રામાયણને ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભ ગણાવી, રામાયણ ઉપર પ્રકાશ પાડયા હતો. તેઓશ્રીએ ઉત્તરવર્તી રામાયણની કથાવાર્તાના સંદર્ભમાં તેમજ સામાયણમાં ભક્તિ માહાત્મ્ય વિશે પણ વાત કરી હતી.

**વિશિષ્ટ સારસ્વત વ્યાખ્યાન :-**

વક્તા :- ડૉ.હેમરાજભાઇ પટેલ.

વિષય :- રામાયણ માનવતાના મહાકાવ્ય તરીકે.

કાંકરેજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના પૂર્વ પ્રધાનાચાર્ય ડૉ. હેમરાજભાઇ પટેલે રામાયણને માનવતાનું મહાકાવ્ય ગણાવી, તેના આદર્શો , તેના મૂલ્યોની આજના સમયમાં પ્રસ્તુતતા રજૂ કરી હતી. રામાયણ માત્ર ભારતીય જનસમુદાયનું જ પથદર્શક નથી તે તો સમગ્ર માનવ જાતને સત્ય, નીતિ, સદાચાર,પ્રેમ, ભાઇચારો, આદર્શ કુટુંબ વ્યવસ્થાનું રાહ ચિંધનાર છે. તેની વિવિધ ઉદાહરણો સાથે પ્રાસંગિકતા સિધ્ધ કરી હતી.

**શોધપત્ર પ્રસ્તુતિ :-**

રામાયણનાં વિવિધ ચરિત્રો, રામાયણમાં નિરૂપિત પ્રસંગો, રામાયણમાંથી કથાબીજ લઇને રચાયેલ સાહિત્ય, રામકાલિન અર્થવ્યવસ્થા, રાજ્ય વ્યવસ્થા, જાતિ વ્યવસ્થા, કુટુંબ પ્રથા, ધર્મ, વેપાર વિનિમય વગેરે બાબતોને લઇને શોધાર્થીઓએ પોતાનાં શોધપત્રો પ્રસ્તુત કર્યા હતાં. કેટલાંક શોધપત્રો ઉપર ચર્ચા-પ્રશ્નોત્તરી પણ થઇ હતી.જે જ્ઞાનોપાર્જન માટે આનંદ દાયક ગણી શકાય.

**સમાપન સમારોહ :-**

પરિસંવાદનો સમાપન સમારોહ કોલેજના નિયામક છગનભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને કોલેજના આચાર્યા વંદનાબેનની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. આ પ્રસંગે પરિસંવાદમાં સહભાગી અધ્યાપકોએ પરિસંવાદ સંદર્ભે પોતાના અભિપ્રાયો આપી, પરિસંવાદના આયોજન અંગે સંતોષ પ્રગટ કર્યો હતો. તેમજ પરિસંવાદ સુખરૂપ સંપન્ન થવા બદલ ખુશી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે કડી કોલેજના પ્રો.ડૉ.મહાકાન્તભાઇ જોષી અને પાલનપુર કોલેજના પ્રો.ડૉ.સુરેખાબેન પટેલે નવોદિત સંશોધકોને

D. N. P. Arts & Com. Co.
DEESA

સંશોધન પ્રક્રિયા અંગે જરૂરી સૂચનો કરી માર્ગદર્શન પુરુ પાડયું હતું. કોલેજના નિયામકશ્રીએ રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદના આયોજન બદલ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો.ડૉ.ભાનુભાઇ પટેલ અને તેમની પુરી ટીમને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ પ્રતિવર્ષ કોલેજમાં આ પ્રકારના જ્ઞાન સંવર્ધક કાર્યક્રમો થતા રહે તેવી અભ્યર્થના વ્યકત કરી હતી.

ડીસા કોલેજમાં રાષ્ટ્રીય કક્ષાનો આ પ્રથમ કાર્યક્રમ હોઇ સમગ્ર સ્ટાફ પરિવારે એક પ્રસંગની માફક કામગીરી કરી કાર્યક્રમને સફળતા બક્ષી હતી. પરિસંવાદના આયોજનમાં ડૉ.ભાનુભાઇ પટેલ, પ્રો.આશાબેન ચૌધરી, ડૉ.સંકેતભાઇ પારેખ, ડૉ.ભરતભાઇ પટેલ, પ્રો.કે.ડી.પટેલ, પ્રો.સુનિતાબેન ઠક્કર, તેમજ કોલેજ સ્ટાફ પરિવારે સારી મહેનત કરી હતી.

આ પરિસંવાદની સંખ્યા વિષયક આંકડાકિય માહિતી નીચે મુજબ છે.

- પરિસંવાદમાં યોજાયેલાં સારસ્વત વ્યાખ્યાન :- ૪
- પરિસંવાદમાં મહેમાન, અતિથિ સંખ્યા :- ૧૦
- ઉપસ્થિત વરિષ્ટ નાગરિક સંખ્યા :- ૩૦
- પરિસંવાદમાં ઉપસ્થિત કુલ સંખ્યા :- ૧૮૦
- પરિસંવાદનો કુલ ખર્ચ :- ૬૩૦૪૫/-

Accountanat
D.N.P. ARTS & COMMERCE COLLEGE
DEESA-385535 (B. K.)

D. N. P. Arts & Commerce College DEESA (B. K.)

OFFICIATING PRINCIPAL
D.N.P. ARTS & COMMERCE COLLEGE
DEESA-385535 (B. K.)